श्रीकृष्णाय नमः
શ્રીવલ્લભાય નમ:
શ્રીગોપીજનવલ્લભાય નમ:

.........................

# શ્રી યમુનાષ્ટકમ્

## (પુષ્ટિપાઠાવલી)

(પુષ્ટિપ્રભુદ્વારા શ્રીયમુનાજીમાં સ્થાપિત અષ્ટવિધ ઐશ્વર્યો પૈકી પ્રથમ ઐશ્વર્ય; શ્રીયમુનાજી આ માર્ગમાં સકલસિદ્ધિઓના હેતુરૂપ છે.)

**નમામિ યમુનામ્ અહં સકલ-સિદ્ધિ હેતું મુદા**
**મુરારિ-પદ-પંકજ-સ્ફુરદમન્દ-રેણૂત્કટામ્ ॥**
**તટસ્થ-નવકાનન-પ્રકટ-મોદ-પુષ્પામ્બુના**
**સુરાસુર-સુપૂજિત-સ્મરપિતુઃ શ્રિયં બિભ્રતીમ્ ॥ ૧ ॥**

(બીજું ઐશ્વર્ય : શ્રીયમુનાજી ભગવદ્રતિને વધારનારા છે.)

**કલિન્દ-ગિરિ-મસ્તકે પતદમન્દ-પૂરોજ્જવલા**
**વિલાસ-ગમનોલ્લસત્-પ્રકટ-ગણ્ડ-શૈલોન્નતા ॥**
**સઘોષ-ગતિ-દન્તુરા સમધિરૂઢ-દોલોત્તમા**
**મુકુન્દ-રતિ-વર્ધિની જયતિ પદ્મબન્ધોઃ સુતા ॥ ૨ ॥**

(ત્રીજું ઐશ્વર્ય : ભુવનપાવની શ્રીયમુનાજી પુષ્ટિજીવો અને પુષ્ટિપ્રભુના સમ્બન્ધ વચ્ચે આવતા પ્રતિબન્ધોને દૂર કરીને ભગવદનુભવયોગ્ય શુદ્ધિ કરનારા છે.)

**ભુવં ભુવન-પાવનીમ્ અધિગતામનેક-સ્વનૈઃ**
**પ્રિયાભિરિવ સેવિતાં શુક-મયૂર-હંસાદિભિઃ ॥**
**તરઙ્ગ-ભુજ-કંકણ-પ્રકટ-મુક્તિકા-વાલુકા-**
**નિતમ્બ-તટ-સુન્દરીં નમત કૃષ્ણ-તુર્ય-પ્રિયામ્ ॥ ૩ ॥**

(ચોથું ઐશ્વર્ય : ભગવાન્‌ના સમાનગુણધર્મવાળા હોવાથી શ્રીયમુનાજી સાથે જીવનો સંબન્ધ બંધાતા ભગવાન્ સાથેય બંધાઈ જાય છે.)

અનન્તગુણભૂષિતે શિવવિરઞ્ચિદેવસ્તુતે
ઘનાઘન-નિભે સદા ધ્રુવપરાશરાભીષ્ટદે ।।
વિશુદ્ધ-મથુરા-તટે સકલ-ગોપ-ગોપી-વૃતે
કૃપાજલધિસંશ્રિતે મમ મનઃ સુખં ભાવય ।। ૪ ।।

(પાંચમું ઐશ્વર્ય : ભગવાન્‌ને પ્રિય એવા ભક્તોના કલિદોષોનું નિવારણ શ્રીયમુનાજી કરે છે.)

યયા ચરણપદ્મજા મુરરિપોઃ પ્રિયમ્ભાવુકા
સમાગનોતોઽભવત્ સકલ-સિદ્ધિદા સેવતામ્ ।।
તયા સદશતામિયાત્ કમલજાસપત્નીવ યદ્-
હરિપ્રિયકલિન્દયા મનસિ મે સદા સ્થીયતામ્ ।। ૫ ।।

(છઠ્ઠું ઐશ્વર્ય : પુષ્ટિજીવોને શ્રીયમુનાજી પુષ્ટિપ્રભુના પ્રિય બનાવે છે)

નમોઽસ્તુ યમુને સદા તવ ચરિત્રમત્યદ્‌ભુતં
ન જાતુ યમ-યાતના ભવતિ તે પયઃપાનતઃ ।।
યમોઽપિ ભગિનીસુતાન્ કથમુ હન્તિ દુષ્ટાનપિ
પ્રિયો ભવતિ સેવનાત્ તવ હરેર્યથા ગોપિકાઃ ।। ૬ ।।

(સાતમું ઐશ્વર્ય : શ્રીયમુનાજી ભગવત્સેવાકર્તાના શરીરમાં અલૌકિક સામર્થ્ય એટલે તનુનવત્વનું સમ્પાદન કરી આપે છે.)

મમાસ્તુ તવ સન્નિધૌ તનુ-નવત્વમેતાવતા
ન દુર્લભતમા રતિર્ મુરરિપૌ મુકુન્દપ્રિયે ।।
અતોઽસ્તુ તવ લાલના સુર-ધુની પરં સઙ્ગમાત્
તવૈવ ભુવિ કીર્તિતા નતુ કદાપિ પુષ્ટિસ્થિતૈઃ ।। ૭ ।।

(આઠમું ઐશ્વર્ય : પુષ્ટિપ્રભુના લીલાસામયિક શ્રમજલકણો સાથે પુષ્ટિજીવોનો સમ્બન્ધ સમ્પાદિત કરે છે.)

સ્તુતિં તવ કરોતિ કઃ કમલજા-સપત્નિ ! પ્રિયે !
હરેર્ યદનુસેવયા ભવતિ સૌખ્યમ્ આમોક્ષતઃ ।।
ઇયં તવ કથાધિકા સકલ-ગોપિકા-સઙ્ગમ-
સ્મરશ્રમ-જલાણુભિઃ સકલ-ગાત્રજૈઃ સઙ્ગમઃ ।। ૮ ।।

(શ્રીયમુનાષ્ટકના પાઠથી સર્વપાપક્ષય, સકલસિદ્ધિની પ્રાપ્તિ, ભગવાન્‌માં પ્રેમ, પ્રભુને સન્તોષ; અને સ્વભાવ ઉપર વિજય રૂપી ફળો સિદ્ધ થાય છે.)

तवाष्टकम् ईदं मुदा पठति सूरसूते ! सदा
समस्त-दुरित-क्षयो भवति वै मुकुन्दे रतिः ॥
तया सकल-सिद्धयो मुररिपुश्च सन्तुष्यति
स्वभाव-विजयो भवेद् वदति वल्लभः श्रीहरेः ॥ ९ ॥

*॥ ઈતિ શ્રીવલ્લભાચાર્યવિરચિતં શ્રીયમુનાષ્ટકસ્તોત્રં સમ્પૂર્ણમ્ ॥*

★★★

# શ્રી યમુનાષ્ટકમ્

## (ગો. શ્રીશ્યામમનોહરજી, કિશનગઢ-પાર્લા, ષોડશગ્રંથ ગ્રંથપરિચય)

આપણે સાંભળતા આવીએ છીએ કે પોતાની વ્રજયાત્રા દરમયાન શ્રીમદ્વલ્લભાચાર્ય મહાપ્રભુજી મહાવનમાં યમુનાજીના તટ ઉપર ગોકુલ ગામની ખોજમાં પરિભ્રમણ કરી રહ્યા હતા ત્યારે સ્વયં શ્રીયમુનાજીએ પ્રકટ થઈને વર્તમાન ગોકુલનું સ્થળ બતાવ્યું હતું. પ્રાચીન ગોકુલ ગામના સ્થળની ઓળખાણ પછી શ્રીમહાપ્રભુજી ત્યાં બિરાજયા અને ત્યારે શ્રીયમુનાજીનું પુષ્ટિમાર્ગીય માહાત્મ્ય અથવા મહત્ત્વનું જ્ઞાન તેઓશ્રીના મુખેથી આપોઆપ નીકળવા માંડયું અને તે જ ષોડશગ્રંથમાં મંગલાચરણ રૂપે યોજાયેલ શ્રીયમુનાષ્ટકસ્તોત્ર છે.

એક કિવંદન્તી અનુસાર શ્રીયમુનાષ્ટકની રચના વિ.સં. ૧૫૪૯ શ્રાવણ સુદિ ત્રીજને દિવસે શ્રીગોકુલમાં થઈ હતી. (દ્રષ્ટવ્ય : શ્રીનાગરદાસ બાંભણિયા દ્વારા લિખિત "શ્રીષોડશગ્રન્થની રચના તથા શ્રીમહાપ્રભુના ચરિત સાથે સંકળાયેલ મહત્ત્વની તવારીખો" લેખ, વૈષ્ણવવાણી, અંક ૪, વર્ષ ૧૯૭૯)

જેમ ગંગાજી સાથે દાસ્યભાવાત્મિકા મર્યાદાભક્તિની એક અંતર્ધારા વહે છે, તે જ પ્રમાણે શ્રીયમુનાજીની સાથે પણ પુષ્ટિભક્તિની અંતર્ધારા વહે છે. શ્રીયમુનાજીની સાથે વહેતી પુષ્ટિમાર્ગની આ અંતર્ધારા વ્યાપિવૈકુંઠના નાથને નાના એવા ગોકુલના નાથ થવાને માર્ગ તથા પુષ્ટિમાર્ગીય ગરિમા પ્રદાન કરે છે. ક્ષય કરી રહેલા કાળના પ્રવાહમાં તણાતા જીવોને ત્યાંથી પરાણે ખેંચી લઈને પોતાની સાથે વહેવડાવીને આ ધારા તેઓને શ્રીકૃષ્ણની દિવ્ય મધુર નિત્ય લીલાઓ સુધી પહોંચાડી દે છે.